RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 196 * Date: 07.05.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ગુજરાતનાં ૧૯ શહેરમાં આજે બ્લેકઆઉટ અને સાયરન ગુંજી ઊઠશે



પહેલગામ આતંકી હુમલામાં ૨૬ નિર્દોષ નાગરિકોનાં મોત થયા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે સરહદ પર તણાવની સ્થિતિ પેદા થઈ છે. એવામાં ભારત સરકારે આવતીકાલે (૭ મે)ના રોજ ગુજરાતનાં ૧૯ શહેરની સાથે દેશનાં ૨૪૪ શહેરમાં મોકડ્રિલ યોજવાનો નિર્ણય કર્યો છે, જેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ગુજરાતમાં પણ મોકડ્રિલને લઈ ગાંધીનગરમાં સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.સિવિલ ડિફેન્સ ડિસ્ટ્રિક્ટને તેના ઈમ્પોર્ટન્સ અથવા સેન્સેટિવિટીના આધાર પર ૩ કેટેગરીમાં વહેંચવામાં આવ્યાં છે. કેટેગરી ૧માં તે ડિસ્ટ્રિક્ટ છે, જે સૌથી સેન્સેટિવ છે. ગુજરાતમાં આવાં ડિસ્ટ્રિક્ટની સંખ્યા ૩ છે. જ્યારે કેટેગરીમાં ૨માં ૧૦ અને કેટેગરી ૩માં ૬ ડિસ્ટ્રિક્ટનો સમાવેશ થાય છે.સરકારના જણાવ્યા અનુસાર, મોકડ્રીલ દરમિયાન આ મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવશે. હવાઈ ??હુમલાના સાયરનનું નિરીક્ષણ અને ઉપયોગ. હુમલાના કિસ્સામાં પોતાને બચાવવા માટે સામાન્ય લોકો અને વિદ્યાર્થીઓને તાલીમ, ક્રેશ બ્લેકઆઉટ વ્યવસ્થા, મહત્ત્વપૂર્ણ સ્થળો છુપાવવાની તૈયારીઓ, વિસ્તાર ખાલી કરાવવાની યોજનાઓને અપડેટ કરવી અને એનો અભ્યાસ કરવો. આ મોકડ્રિલનો હેતુ લોકોને કોઈપણ કટોકટી માટે તૈયાર કરવાનો છે.દેશમાં છેલ્લી વખત આવી મોકડ્રિલ ૧૯૭૧માં યોજાઈ હતી. ત્યાર બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું. આ મોકડ્રિલ યુદ્ધ દરમિયાન થઈ હતી. ૧૯૭૧ બાદ પ્રથમવાર આખા દેશમાં મોકડ્રિલ યોજાઈ રહી છે. આ પ્રકારની મોકડ્રિલ ૧૯૬૨ ચીન યુદ્ધ અને ૧૯૬૫ પાકિસ્તાન યુદ્ધ સમયે પણ યોજવામાં આવી હતી.ગુજરાતમાં આવતીકાલે( ૭ મે)ના રોજ યોજાનારી મોકડ્રિલના આયોજન અનુસંધાને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આજે મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી અને સૂચિત એક્શન પ્લાનની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં ગૃહ વિભાગનાં અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસ, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિ, રાજ્યના પોલીસવડા વિકાસ સહાય, હોમગાર્ડ્સ અને સિવિલ ડિફેન્સ ડીજીપી મનોજ અગ્રવાલ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## દ્રૌપદી મૂર્મુ સબરીમાલા મંદિરની મુલાકાત લેશે, ભગવાન અયપ્પાની પૂજા કરનાર પ્રથમ રાષ્ટ્રપતિ



રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ ૧૯ મેના રોજ કેરળના સબરીમાલા મંદિરમાં ભગવાન અયપ્પાના દર્શન અને પૂજા અર્ચના કરશે. દેશના ઈતિહાસમાં તેઓ પહેલા રાષ્ટ્રપતિ હશે જે સબરીમાલા મંદિરમાં દર્શન કરવા જઈ રહ્યા છે. આ અંગે મંદિરની વહીવટી સંસ્થા ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડ (હ્રમ)એ રાષ્ટ્રપતિના પ્રવાસની પુષ્ટિ કરી છે. તેમણે આ ક્ષણને દેશ માટે ગર્વની વાત કહી હતી. રાષ્ટ્રપતિની આ પ્રવાસને લઈને એસપીજી અને મંદિર વહીવટીતંત્રએ તૈયારીઓ શરુ કરી દીધી છે.

માહિતી પ્રમાણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ ૧૮ અને ૧૯ મે ના રોજ બે દિવસ કેરળની યાત્રા કરશે. ૧૮ મેના રોજ તેઓ કેરળના કોટ્ટાયમ જિલ્લામાં એક ખાનગી કાર્યક્રમમાં ભાગ લેશે. ત્યાર બાદ બીજા દિવસે ૧૯ મે ના સબરીમાલા મંદિરની પાસ બનેલા નિલક્કલ હેલીપેડ પર જશે અને અહીંથી પંપા બેસ કેમ્પમાં જશે. એવું કહેવાય છે કે, રાષ્ટ્રપતિ સામાન્ય દર્શનાર્થિઓની જેમ પહાડ પર ચઢાણ કરશે. જેને લઈને એસપીજી સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે.

## આગામી વર્ષમાં એપલ તમામ આઈફોન ભારતમાં બનાવશે અને નિકાસ કરશે', આવું કહ્યું જ્યોતિરાદિત્ય સિંધિયાએ



એપલના સીઈઓ ટીમ કૂક દ્વારા કંપનીની મીટિંગમાં જાહેરાત કરવામાં આવી હતી કે કંપની અમેરિકામાં વેચાતા તમામ મોબાઈલ જૂનમાં ભારતમાંથી સોર્સ કરશે. યુનિયન ટેલિકોમ મિનિસ્ટર જ્યોતિરાદિત્ય સિંધિયા એ મંગળવારે જણાવ્યું હતું કે ઓરિજિનલ સાધનો મેન્યુફેક્ચર કરતી કંપનીઓ માટે હાલમાં ભારતમાં રોકાણ કરવું ખૂબ જ વ્યૂહાત્મક છે. તેમણે ઉદાહરણ આપ્યું હતું કે એપલ હવે તમામ આઈફોન ભારતમાંથી સોર્સ કરશે.ભારત ટેલિકોમ ઈવેન્ટ દરમિયાન જ્યોતિરાદિત્ય સિંધિયા એ જણાવ્યું કે ભારતમાં રોકાણ કરવું માત્ર લાભદાયી નહીં, પણ બુદ્ધિશાળી પગલું છે. આ અંગે વધુ માહિતી આપતાં તેમણે કહ્યું, ×એપલ દ્વારા તેમના તમામ મોબાઈલ આગામી વર્ષમાં ભારતમાં પ્રોડ્યુસ કરીને સોર્સ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જ્યારે તમે ભારતમાં રોકાણ કરો છો, ત્યારે તમને ઉપલબ્ધતા, વિશ્વસનીયતા, અને મૂલ્યતા મળે છે.×

એપલ અમેરિકાના મોબાઈલ ફોન ભારતમાં પ્રોડ્યુસ કરશે, અને બાકી અન્ય દેશો માટેના મોબાઈલ ચીનમાં મેન્યુફેક્ચર કરવામાં આવશે. આ નિર્ણય ટેક્સ ટેરિફ ને કારણે લેવામાં આવ્યો છે, જેના ફાયદા ભારત સરકાર ઉપાડી રહી છે. ભારત પ્રોડક્શન-લિંક ઈન્સેન્ટિવ દ્વારા કંપનીઓને પ્રોત્સાહિત કરી રહ્યું છે, જેના કારણે અનેક કંપનીઓએ ભારતમાં પોતાનું ઉત્પાદન વધાર્યું છે.

જ્યોતિરાદિત્ય સિંધિયા ના જણાવ્યા મુજબ, ×?૪,૦૦૦ કરોડના રોકાણમાંથી ?૮૦,૦૦૦ કરોડનું વેચાણ અને ?૧૬,૦૦૦ કરોડનું નિકાસ નોંધાયું છે. સાથે ૨૫,૦૦૦ નવી નોકરીઓ પણ સર્જાઈ છે, જેના કારણે ભારતના ટેલિકોમ ઈક્વિપમેન્ટ માર્કેટનો નોંધપાત્ર વિકાસ થયો છે.×

મિનિસ્ટર ઓફ સ્ટેટ ફોર ટેલિકોમ્યુનિકેશન, ચંદ્રશેખર પેમ્માસાની, એ જણાવ્યું હતું કે, ×૨૦૧૪માં ભારત મોટા પ્રમાણમાં મોબાઈલ આયાત કરતું હતું, પરંતુ હવે ભારતમાં મોટાપાયે મોબાઈલ ઉત્પાદન થાય છે અને તે નિકાસ કરતો દેશ બની ગયો છે.× ૨૦૧૪માં ભારત ૬૦ લાખ મોબાઈલ યુનિટ ઉત્પાદન કરતું અને ૨૧ કરોડ મોબાઈલ આયાત કરતું. જ્યારે આજે ભારત ૩૩ કરોડ મોબાઈલ ફોન પ્રોડ્યુસ કરે છે અને ૫ કરોડ યુનિટ એક્સપોર્ટ કરે છે.

## ગુજરાતના ૧૮ જિલ્લામાં આજે સાંજના ૪થી ૮ વાગ્યા સુધી યોજાશે મોક ડ્રીલ

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવની સ્થિતિ છે. ત્યારે ભારતે જવાબી કાર્યવાહીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. પાકિસ્તાન સાથે યુદ્ધની આશંકાને પગલે કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા મોકડ્રીલના આદેશ આપવામાં આવ્યા છે. ત્યારે આ અંગે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપી હતી. જે અનુસાર, ગુજરાતના ૧૮ જિલ્લાઓમાં આવતીકાલે (૭ મે, ૨૦૨૫) સાંજે ૪ થી ૮ વાગ્યા સુધી સિવિલ ડિફેન્સ મોક ડ્રીલ યોજાશે. જ્યારે ૭:૩૦ થી ૮ વાગ્યા સુધી બ્લેકઆઉટ થશે. સમગ્ર મોકડ્રિલને લઈ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, 'કેન્દ્ર સરકારની સૂચનાથી ગુજરાતે આવતીકાલે યોજાનાર મોક ડ્રીલની તૈયારીઓ કરી લીધી છે. ગુજરાત સરકારે ૧૮ જિલ્લામાં મોક ડ્રીલનું આયોજન કર્યું છે. મોક ડ્રીલ અંતર્ગત ૭ મેના રોજ એટલે કે આવતીકાલે સાંજે ૭:૩૦ થી ૮ કલાક દરમિયાન બ્લેક આઉટ મોકડ્રીલ યોજાશે. તમામ નાગરિકો યુદ્ધની સ્થિતિ સમજી શકે એ માટે કેન્દ્રનો આ પ્રયાસ. કોઈએ ડરવાની બિલકુલ જરૂર નથી.સાયરન અને બ્લેક આઉટ બાબતે લોકોને સજાગ, ઘરો અને ઓફિસની લાઈટો બંધ કરવાની રહેશે, બ્લેક આઉટના સમયે હરવા ફરવાનું ટાળવું જોઈએ, લિફ્ટનો ઉપયોગ લોકો ન કરવો, બધી જ કામગીરી ચાલુ રહેશે પણ લાઈટનો પ્રકાશ બહાર ન જાય તેનું ધ્યાન રાખવામાં આવશે. ગાઈડલાઈન મુજબ આ મોક ડ્રીલમાં હોસ્પિટલ સામેલ નહીં થાય પરંતુ જે ક્રોસ લાઈન કે જેતે બાબત હોસ્પિટલને પણ કરવાનું થાય તે અંગે સૂચનાઓ આપવામાં આવી છે. આવા બ્લેક આઉટ વખતે શું કરવું અને શું ના કરવું તેની માહિતી મળે એ માટે સિવિલ ડિફેન્સ દ્વારા આ પ્રયાસ હાથ ધરાયો છે. સંપૂર્ણ માર્ગદર્શિકા સિવિલ ડિફેન્સ અને મહેસુલ વિભાગ દ્વારા બનાવાઈ છે.

## સ્વચ્છતા માટે દેશમાં નંબર વન સુરત પાલિકાની ભાજપના નેતાએ જ ખોલી પોલ, કચરોની ફરિયાદ માટે અધિકારીઓ ફોન રિસીવ ન કર્યાની ફરિયાદ



સ્વચ્છતા સર્વેક્ષણમાં દેશમાં અગ્રેસર સુરત શહેરના કેટલાક વિસ્તારમાં યોગ્ય સફાઈ થતી ન હોવાની ફરિયાદ આવી રહી છે. જોકે, આ ફરિયાદ વિપક્ષ નહી પરંતુ ભાજપના જ કેટલાક માજી કોર્પોરેટરો પાલિકાની નબળી કામગીરીની ફરિયાદ કરી રહ્યાં છે. પાલિકાના રાંદેર ઝોનમાં અનેક જગ્યાએ સફાઈની કામગીરી થતી નથી અને કચરાની ફરિયાદ કરે તો અધિકારીઓ ફોન રિસીવ ન કરતા હોવાની ચોંકાવનારી ફરિયાદ કરવામાં આવી છે. સ્વચ્છતા સર્વેક્ષણ માટે સુરત દેશમાં પહેલા નંબર પર છે અને આગામી દિવસોમાં આ નંબર યથાવત રહે તે માટે પ્રયાસ થઈ રહ્યા છે પરંતુ કેટલાક અધિકારીઓ-કર્મચારીઓની નબળી કામગીરીને પગલે આ સુરતના નંબર વન જોખમાઈ તેવી સ્થિતિ છે. આ પહેલા સ્વચ્છતા સર્વેક્ષણ ની કામગીરીમાં નબળો દેખાવ કરનારા કર્મચારીઓની બદલી કરી દેવામાં આવી હતી તેમ છતાં હજી પણ કેટલાક વિસ્તારમાં સફાઈની કામગીરી યોગ્ય થઈ ન હોવાની ફરિયાદ છે.

ભાજપના માજી કોર્પોરેટરના ઉષાબેન પટેલે ફરિયાદ કરી છે તેઓએ ફરિયાદમાં જણાવ્યું છે કે, પાલનપોર વિસ્તારમાં ૯ કચરાના ઢગલા ગંદકીનું સામ્રાજ્ય આખો વિસ્તાર ફરું તો ૫૦ થી ૬૦ વધુ કચરાના ઢગલા હોય છે. વોર્ડ ઓફિસના જવાબદાર કર્મચારી ફિલ્ડ ફરતા નથી એવું લાગે છે. આ ગંદકીની સફાઈ માટે ફોન કરવામા આવે છે તો જવાબદાર અધિકારીઓ ફોન ઉપાડતા નથી. ફોન સુરત મહાનગરપાલિકાના પ્રજાના પૈસાનો છે તપાસ કરાવી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

## જામનગરના ખેડૂત યુવાન પર જુની અદાવતના કારણે હુમલો

જામનગર તાલુકાના સુમરી ભલસાણ ગામમાં રહેતા અને ખેતી કામ કરતા મજબૂત ભાઈ ગંગુભાઈ છૈયા નામના ખેડૂત યુવાને પોતાના માથામાં ધારિયાનો ઘા ઝીકી દઈ લોહી લુહાણ કરી નાખવા અંગે, તેમજ લોખંડના પાઈપ વડે આડેધડ મૂઢ માર મારવા અંગે પોતાના જ ગામના ખીમાભાઈ ટપુભાઈ છૈયા, જયદીપ ખીમાભાઈ છૈયા, અને મયુર ખીમાભાઈ છૈયા સામે ફરિયાદ નોંધાવી છે. જયારે ઈજાગ્રસ્ત યુવાનને જામનગર જીજી. હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી અને આરોપીને ભેંસો ચરાવવા બાબતે અગાઉ તકરાર થઈ હતી, તેનું મન દુઃખ રાખીને ત્રણેયએ હુમલો કરી દીધો હોવાનું પોલીસમાં જાહેર થયું છે.



## તંત્રી લેખ....

# વ્યવસાય શરૂ કરવામાં નિષ્ફળ ૩૩૦૦ કંપનીઓને સત્તાવાર રેકોર્ડમાંથી દૂર કરાશે

અમદાવાદ : કોર્પોરેટ બાબતોનું મંત્રાલય ૩,૩૦૦થી વધુ કંપનીઓના નામ દૂર કરવા માટેની અરજીઓ મળ્યા બાદ તેમના નામ સત્તાવાર રેકોર્ડમાંથી દૂર કરવાની તૈયારીમાં છે.મંત્રાલય પાસે ઉપલબ્ધ નવીનતમ માહિતી અનુસાર, વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ એ એપ્રિલમાં કંપની કાયદાની જોગવાઈઓ અનુસાર આ કંપનીઓના નામ દૂર કરવા અંગે જાહેર નોટિસ જારી કરી હતી.ડેટા દર્શાવે છે કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૩,૩૦૦થી વધુ કંપનીઓને સત્તાવાર રેકોર્ડમાંથી દૂર કરવાની તૈયારીમાં છે. કુલ કંપનીઓમાંથી, મહારાષ્ટ્રમાં ૭૦૦થી વધુ, દિલ્હીમાં લગભગ ૫૦૦, કર્ણાટકમાં ૩૫૦થી વધુ, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં ૨૦૦થી વધુ કંપનીઓ છે.કંપની અધિનિયમની કલમ ૨૪૮(૨) હેઠળ કંપનીઓ તરફથી ઈઝજને અમુક કારણોસર અરજીઓ મળી હતી, જેમાં એ પણ શામેલ છે કે તેઓ તેમના સ્થાપનાના એક વર્ષની અંદર વ્યવસાય શરૂ કરવામાં નિષ્ફળ ગયા હતા અથવા તેઓ બે નાણાકીય વર્ષોથી કોઈ વ્યવસાય અથવા કામગીરી કરી રહ્યા નથી.આ કંપનીઓએ સત્તાવાર રેકોર્ડમાંથી તેમના નામ દૂર કરવાની વિનંતી કરી છે. કલમ ૨૪૮(૨) હેઠળ, કંપની, ખાસ ઠરાવ અથવા ચૂકવેલ શેર મૂડીના સંદર્ભમાં ૭૫ ટકા સભ્યોની સંમતિ દ્વારા, તેમની બધી જવાબદારીઓ પૂર્ણ કર્યા પછી, ચોક્કસ શરતોને આધીન તેમના નામ દૂર કરવા માટે અરજી દાખલ કરી શકે છે.આ વર્ષે માર્ચના અંતમાં, દેશમાં કુલ ૨૮,૫૨,૪૪૯ નોંધાયેલી કંપનીઓમાંથી ૧૮,૫૦,૯૩૨ સક્રિય કંપનીઓ હતી. ૩૭ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં, મહારાષ્ટ્ર (૧૯ ટકા) સૌથી વધુ સક્રિય કંપનીઓ ધરાવતું રાજ્ય છે, ત્યારબાદ દિલ્હી (૧૪ ટકા) અને પશ્ચિમ બંગાળ (૮ ટકા) આવે છે. ફેબ્રુઆરી ૨૦૨૫ની સરખામણીમાં મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને તેલંગાણા રાજ્યોમાં સક્રિય કંપનીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે.

# ટેરિફ વોરની અસર હેઠળ ઊભરતા બજારોમાં વિદેશી મૂડી પ્રવાહમાં સાવચેતી સાથે વધારો



મુંબઈ : ઊભરતી બજારોમાં વિદેશી મૂડી પ્રવાહમાં સાવચેતીભર્યો વધારો જોવા મળી રહ્યો છે. અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી સમાપ્ત થઈ ગયા પછી ઊભરતી બજારોમાંથી વિદેશી ફન્ડોના થયેલા પલાયન બાદ આ ફન્ડો ફરી પાછા ભારત સહીતની ઊભરતી બજારમાં નાણાં ઠાલવી રહ્યાનું જોવા મળી રહ્યું છે. ટેરિફ વોર તથા આર્થિક અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખી વિદેશી ફન્ડો પાછા ઊભરતી બજારો તરફ નજર દોડાવવા લાગ્યા હોવાનુંમાનવામાં આવે છે. ભારત, બ્રાઝિલ, હોંગકોંગ અને તાઈવાન સહિતની મુખ્ય ઊભરતી બજારોમાં છેલ્લા ત્રણ સપ્તાહમાં વિદેશી મૂડી પ્રવાહમાં નોંધપાત્ર રિકવરી જોવા મળી રહી હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું.ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ) ભારતીય શેર બજારોમાં માર્ચ મહિનામાં નેટ ખરીદદાર બન્યા બાદ એપ્રિલ મહિનાના બીજા પખવાડિયામાં ૪.૫ અબજ ડોલરની જંગી ખરીદી કરી છે. જે છેલ્લા નવ મહિનામાં સૌથી લાંબો સમય ખરીદી નોંધાઈ છે.વૈશ્વિક અસ્થિરતા અને અમેરિકી ડોલર નબળો પડવો, ક્રુડ ઓઈલના ભાવ ઘટવા સહિતના પરિબળો વચ્ચે આ વિદેશી રોકાણકારોનો જંગી રોકાણ પ્રવાહ નોંધાયો છે. અગાઉ આ પ્રકારની મોટી ખરીદી જુલાઈ ૨૦૨૪માં ભારતીય શેરોમાં ૫.૧ અબજ ડોલરની નોંધાઈ હતી. વિદેશી હતી.અમેરિકી ડોલર સામે રૂપિયો ૭૬ પૈસા સુધરીને ૮૪.૪૯ રહ્યો છે. જે નવેમ્બર ૨૦૨૨ બાદનો એક દિવસનો સૌથી વધુ વધારો છે. એફપીઆઈઝનો શેરોમાં રોકાણ પ્રવાહ એપ્રિલમાં ૧.૨૬ અબજ ડોલર, માર્ચ ૨૦૨૫માં ૨૩.૪ અબજ ડોલર રહ્યો હતો.

જે ફેબ્રુઆરી ૨૦૨૫માં ૫૩.૫ લાખ ડોલરની નેટ વેચવાલી, જાન્યુઆરી ૨૦૨૫માં ૮.૪૨ અબજ ડોલરની નેટ વેચવાલી અને ડિસેમ્બર ૨૦૨૪માં ૧.૩૨ અબજ ડોલરની નેટ ખરીદી નોંધાઈ હતી.અમેરિકાની ચૂંટણી બાદ ભારતમાંથી ચાલી ગયેલા ૭.૭૦ અબજ ડોલરમાંથી છેલ્લા ત્રણ સપ્તાહમાં અંદાજે ૯૬ કરોડ ડોલર પરત આવ્યા હોવાનું સદર રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. જે થયેલા આઉટફલોના ૧૨ ટકા જેટલા થવા જાય છે.ઊભરતી બજારોમાં વિદેશી રોકાણકારોના ફરી વધી રહેલા રસનું કારણ અમેરિકાના ફન્ડસ આ બજારો તરફ વળી રહ્યા છે એટલું જ નહીં નાણાં વ્યવસ્થામાં વૈશ્વિક લિક્વિડિટી વધી રહી છે. અમેરિકાના ફન્ડોમાંથી અમેરિકન રોકાણકારો દ્વારા નાણાં પાછા ખેંચાઈ રહ્યા હોવાથી આ ફન્ડો સતત દબાણ હેઠળ આવી ગયા છે.

# નવા નાણાં વર્ષના પ્રારંભમાં વાહનોના રિટેલ વેચાણમાં ત્રણ ટકાની ધીમી વૃદ્ધિ

મુંબઈ : દેશમાં વાહનોના રિટેલ વેચાણમાં વૃદ્ધિની દ્રષ્ટિએ વર્તમાન નાણાં વર્ષનો પ્રારંભ ધીમી ગતિએ થયાનું જોવા મળે છે. નાણાં વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ એટલે કે એપ્રિલમાં ઓટોનું એકંદર રિટેલ વેચાણ વાર્ષિક ધોરણે ૨.૯૫ ટકા વધી ૨૨,૮૭,૯૫૨ વાહનો રહ્યું છે. ૨૦૨૪ના એપ્રિલમાં આ આંક ૨૨,૨૨,૪૬૩ રહ્યો હતો.

ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ' એસોસિએશન (ફાડા)ના આંકડા પ્રમાણે વાહનોમાં સૌથી વધુ વેચાણ વૃદ્ધિ ૨૪.૫૦ ટકા સાથે થ્રી વ્હીલર્સમાં જોવા મળી છે જ્યારે ટુ વ્હીલર્સ તથા ઊતારૂ વાહનોમાં આ આંક ૨.૨૫ ટકા અને ૧.૫૦ ટકા રહ્યો છે. ટ્રેક્ટર્સનું વેચાણ ૭.૫૦ ટકા વધ્યુ છે જ્યારે કમર્સિઅલ વાહનોના વેચાણમાં એક ટકા જેટલો ઘટાડો નોંધાયો હોવાનું ફાડાના ડેટા જણાવે છે.ગત મહિને ટુ વ્હીલર્સનો વેચાણ આંક ૧૬૮૬૭૭૪ રહ્યો હતો જે ગયા ર્ષના એપ્રિલમાં ૧૬૪૯૫૯૧ જોવાયો હતો. ઊતારૂ વાહનોનું વેચાણ જે ૨૦૨૪ના એપ્રિલમાં ૩,૪૪,૫૯૪ રહ્યું હતું તે વર્તમાન વર્ષના એપ્રિલમાં ૧.૫૫ ટકા વધી ૩,૪૯,૯૩૯ એકમ રહ્યું છે. ચૈત્ર નવરાત્રિ ઉપરાંત અખાત્રીજ, બૈસાખી જેવા તહેવારોને કારણે એપ્રિલ મહિનો ઓટો ઉદ્યોગ માટે પોઝિટિવ પસાર થયાનું ફાડાના પ્રમુખ સીએસ વિઘ્નેશ્વરે જણાવ્યું હતું. મિશ્ર આર્થિક પડકારો વચ્ચે ટુ વ્હીલર્સની માગમાં સ્થિતિસ્થાપકતા રહી હતી. માર્ચની સરખામણીએ એપ્રિલમાં ટુ વ્હીલર્સના વેચાણમાં ૧૧.૮૪ ટકા વધારો થયો હતો. રવી મોસમમી લણણી પ્રોત્સાહક રહેતા ગ્રામ્ય વિસ્તારોમાં ડીલરોને પૂછપરછમાં જોરદાર વધારો જોવા મળ્યો હતો. વર્તમાન વર્ષનું ચોમાસુ સામાન્ય કરતા ઊંચુ રહેવાની આગાહી તથા રિઝર્વ બેન્ક દ્વારા લિક્વિડિટી વધારવાના પગલાંને કારણે ધિરાણ દરમાં વધુ ઘટાડાની શકયતા વચ્ચે ફાડાએ ઓટોના રિટેલ વેચાણ સંદર્ભમાં ટૂંકા ગાળા માટે સાવચેતીભર્યો આશાવાદ વ્યકત કર્યો છે.

# વિશ્વ રેડક્રોસ દિવસની ઉજવણીના ભાગરૂપે રેડક્રોસ સોસાયટી મોડાસા દ્વારા જનજાગૃતિ રેડ ક્રોસ રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું




મોડાસા તા.

દર વર્ષે ૦૮ મે ના રોજ વિશ્વ રેડક્રોસ દિવસ અને વિશ્વ થેલેસેમિયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેની ઉજવણીના ભાગ રૂપે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખાના ચેરમેન શ્રી અજયભાઈ પટેલએ સમગ્ર ગુજરાતમાં 'માનવતાના પક્ષમાં' થીમ મુજબ રેડક્રોસની સેવાઓની જાણકારી આપતા "રેડક્રોસ રથ" નું પ્રસ્થાન કરેલ છે. ત્યારે આ 'રેડક્રોસ રથ' આજે અરવલ્લી જિલ્લામાં આવી પહોચ્યો હતો. રેડક્રોસ સોસાયટી અરવલ્લી દ્વારા ચેરમેનશ્રી ભરતભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ "રેડક્રોસ રથ" નું ભવ્ય સ્વાગત કરવા પૂર્વ તૈયારી કરેલ હતી. આ રેડક્રોસ રથ આજે સવારે ભિલોડા આવી પહોચ્યો હતો. રેડક્રોસ ભિલોડાના ભવ્ય સ્વાગત બાદ મોડાસા માટે ઝંડી આપી પ્રસ્થાન કરેલ હતો. મોડાસામાં આવી પહોચતા રેડક્રોસ રથનું કાર્યાલય ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લા શાખા મોડાસા દ્વારા ચેરમેનશ્રી ભરતભાઈ પરમાર, ટ્રેઝરરશ્રી વિઠ્ઠલભાઈ પટેલ, કારોબારી સભ્યશ્રી વનિતાબેન પટેલ, શ્રી અરવિંદભાઈ શ્રીમાળી, શ્રી જીતેન્દ્રભાઈ અમીન, શ્રી કનુભાઈ પટેલ, શ્રી કે.કે.શાહ, સભ્યશ્રીઓ, વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ, સહયોગીઓ, રેડક્રોસના તાલીમાર્થીઓ, ભાગ્યલક્ષ્મી કોલેજના દામિનીબેન પટેલ અને તાલીમાર્થીઓ, સ્ટાફગણ વગેરે મોટી સંખ્યામાં હાજર રહી પુષ્પ વર્ષાથી રેડક્રોસ રથનું ભવ્ય સ્વાગત કર્યું હતું. રેડક્રોસ દ્વારા આવેલ મહેમાનોનું ફૂલછડી અને સાલથી સ્વાગત કરવામાં આવ્યું હતું. રેડક્રોસ રથ લઈ આવેલા રેડક્રોસ રાજ્ય શાખાના શ્રી સંજયભાઈએ રથ અને રેડક્રોસની વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી અને વધુમાં વધુ જાગૃતિ લાવવા જણાવ્યુ હતું. ત્યાર બાદ રેડક્રોસના કારોબારી સભ્યશ્રીઓએ રેડક્રોસ ફ્લેગથી રથને રેડક્રોસ મેઘરજ મોકલવા માટે પ્રસ્થાન કર્યો હતો. મેઘરજ થી માલપુર, બાયડ, ધનસુરામાં રેડક્રોસની તાલુકા શાખાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સૌ તાલુકા શાખાઓના હોદ્દેદારો અને કાર્યકરોએ મોટી સંખ્યામાં હાજર રહી રેડક્રોસ રથનું ભવ્ય સ્વાગત કર્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# મોડાસા ઓધારી તળાવ પાસે જીવંત વીજ વાયર તૂટતા ગભરાટ ફેલાયો..



મોડાસાના માલપુર રોડ પર આવેલ ઓધારી તળાવ પાસેના જાહેર માર્ગ પરનો વીજતાર સ્પાર્ક થતા તૂટી પડ્યો હતો જેના કારણે માર્ગ પરથી પસાર થતા વાહન ચાલકો અને રાહદારીઓમાં ગભરાટ ફેલાયો હતો વીજતાર તણખા સાથે તૂટી પડતા આસપાસના કેટલાક વિસ્તારોમાં વીજ પ્રવાહ બંધ થઈ જતા લોકો ગરમીમાં રેબઝેબ થયા હતા. આ બનાવ અંગે તાત્કાલિક યુજીવીસીએલમા જાણ કરવા છતાં વીજ સ્ટાફ મોડો આવતા લોકોમાં આક્રોશ ફેલાયો હતો

# રાજસ્થાનમાં વાવાઝોડું, ચાલતી ટ્રેનમાંથી કન્ટેનર પડી ગયા:યુપી અને હરિયાણા સહિત ૨૭ રાજ્યોમાં વાવાઝોડું









મંગળવારે હવામાન વિભાગે ઉત્તર પ્રદેશ અને હરિયાણા સહિત દેશના ૨૭ રાજ્યોમાં વાવાઝોડા સાથે ભારે વરસાદનું એલર્ટ આપ્યું છે. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઉત્તરાખંડમાં પણ કરા પડવાની ચેતવણી આપવામાં આવી છે. તેમજ, હિમાચલમાં ગાજવીજ અને વીજળી સાથે વરસાદ પડી શકે છે.

સોમવારે મધ્યપ્રદેશના ૧૬ જિલ્લાઓમાં ભારે વરસાદ અને કરા પડ્યા હતા. આના કારણે, ઘણા શહેરોમાં તાપમાનનો પારો ૮ઝ થી ૧૦ઝ સુધી ઘટી ગયો છે. ગુનામાં ભારે વાવાઝોડાને કારણે લગ્નનો મંડપ પડી ગયો. અશોકનગરમાં મોબાઈલ ટાવર ધરાશાયી થયો હતો.સોમવારે ઉત્તર પ્રદેશમાં વાવાઝોડા સાથે ભારે વરસાદ ચાલુ રહ્યો. અલીગઢમાં, ભારે વાવાઝોડા દરમિયાન પોતાના બાળકને બચાવવાનો પ્રયાસ કરતી એક માતાનું ગળું ટીન શેડથી કપાઈ ગયું. જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું અને બાળક ઘાયલ થયું હતું.આ તરફ, રવિવાર રાતથી રાજસ્થાનના ઘણા જિલ્લાઓમાં વાવાઝોડા સાથે વરસાદ ચાલુ છે. પાલીમાં વાવાઝોડાને કારણે, ચાલતી ટ્રેનમાંથી કન્ટેનર નીચે પડી ગયા અને હાઈ ટેન્શન ઈલેક્ટ્રિક થાંભલા સાથે અથડાયા. બુંદી જિલ્લામાં ટ્રાન્સફોર્મર જેસીબી મશીન પર પડી ગયું. ભીલવાડા-પાલીમાં વરસાદ સાથે કરા પડ્યા. આજે ૧૮ જિલ્લાઓમાં વરસાદ માટે ઓરેન્જ એલર્ટ છે.વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની બદલાતી પેટર્નની હવામાન પર સૌથી વધુ અસર થવા લાગી છે. હિમાલયમાં જે હિમવર્ષા સામાન્ય રીતે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં થાય છે તે માર્ચ-એપ્રિલમાં થવા લાગી છે. બે વર્ષમાં સૌથી વધુ બરફ માર્ચમાં પડે છે. આના કારણે, હીટવેવનું પ્રમાણ ઘટી રહ્યું છે. આ માહિતી ક્લાઈમેટ ચેન્જનો અભ્યાસ કરતી સંસ્થા ક્લાઈમેટ ટ્રેન્ડ્સ દ્વારા આપવામાં આવી છે.શિયાળામાં પશ્ચિમ દિશાથી આવતા વાવાઝોડાઓને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કહેવામાં આવે છે. થોડા વર્ષો પહેલા સુધી, નવેમ્બર અને ફેબ્રુઆરી વચ્ચે સૌથી વધુ ડિસ્ટર્બન્સ આવતું હતું. જો કે, છેલ્લા ચાર-પાંચ વર્ષમાં, જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં તેની સક્રિયતામાં ઘટાડો થયો છે અને માર્ચ-એપ્રિલમાં વધારો થયો છે.


ન્યુઝ ઓફ ગાંધીનગર.


## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ







**NOG SS NO 224**
વિષય :- સર્જકની મનગમતી સ્વરચિત રચના
શીર્ષક :- બધું પતી ગયું
પ્રકાર :- પદ્ય - શબ્દ :- ૧૨૩

નળિયા, ફળિયા ને માળિયા, બધું પતી ગયું;
નથી કરતી મસ્તી આ વસ્તી, બધું પતી ગયું.

કેવા ફરતા'તા ખેતરના શેઢે ને બળદની વાંહે,
ખુલ્લા ખેતરો ને દોડતા ટ્રેક્ટરો, બધું પતી ગયું.

નાનકડાં દફતરો, અંદર જૂની ચોપડીઓ-નોટો;
બધાં ભરાયાં ડીજીટલ દુનિયામાં, બધું પતી ગયું.

વાળું કરી ખાટલા ઢાળી પંખાથી પવન પાળતા,
એ.સી. અને પ્રદૂષણની ગોષ્ઠી, બધું પતી ગયું.

છેલ્લા હતા જે, મૂર્ખ, નકામા ને નડનારા પણ;
આજે છે એ સૌ ઠાઠના પાઠમાં, બધું પતી ગયું.

કેવી ભદ્ર ને ભવ્ય હતી એ શાકાહારી સંસ્કૃતિ,
શાકાહારીના વારસો માંસાહારી, બધું પતી ગયું.

ગાયને પૂજતા, શ્વાન સચવાતા, 'પ્રીત'થી ચણ પક્ષીઓને;
માણસનો હત્યારો થયો આતંકી, બધું પતી ગયું.

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 184**
વિષય :-સર્જકની મનગમતી સ્વરચિત રચના
શીર્ષક :-હું છું વડ
પ્રકાર :-પદ્ય - શબ્દ :-૧૬૦
હું છું આપણા ભારતનું પવિત્ર અને રાષ્ટ્રીય વૃક્ષ વડ,
બહુ જ મોટું, ઘેરાવાવાળું અને વિશાળ છે મારું થડ.
મારા મોટા ભાગનાં અંગો હું તમને આપું છું ઔષધિ સ્વરૂપે,
તમને કોઈ પણ રોગ થાય તો હું છું ને, ના હવે રડ.
છાંયડાનું તો હું મસમોટું જાણે કે છું કુદરતી વાદળ,
મારા છાંયડે કેટકેટલા અબોલ નિરાંતે સૂવે મૂકીને બડબડ.
મારાં પાંદડાં કલાકે ૫ મીલી લીટર ઓક્સિજન ઉત્સર્જન કરે છે,
દરરોજ વીસ કલાકથી વધારે સમય હું આપું છું ઓક્સિજન દડદડ.
હિંદુ સંસ્કૃતિમાં મારાં કેટકેટલાં મેધાવી અને બેમિસાલ નામ,
કલ્પવૃક્ષ કહે કોઈક, કોઈક ઓળખે અશ્વરથ નામે, આમ તો છું હું વડ.
મારી છાલમાં અવતારી ભગવાન વિષ્ણુ બિરાજે છે ને મૂળમાં બ્રહ્મા,
મૂળ મારું અસ્તિત્વ, ડાળીઓમાં બિરાજમાન ભગવાન શિવ, છે ને ત્રિદેવનું પડ!
'હર્ષ' ગણગણે છે મારી ગાથા, તમ સૌ સુજ્ઞ સાહિત્યકારો વચ્ચે;
કરો પર્યાવરણ જતન, નહીંતર લૂ ખાઈ ખાઈને છેલ્લે નીચે પડ.

હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 388**
વિષય : સર્જક ની મનગમતી સ્વરચના
પ્રકાર : પદ્ય શબ્દો : ૧૨૧
શીર્ષક : પરિવર્તન

ચંપા નું ફુલ રોજ ઉગે છે, છતાં એ નું એ જ છે.
રોજ સુરજ પૂર્વ માં થી જ ઉગે છે,
પરંતુ કાલ જેવો તો દિવસ લાગતો નથી.
એક એક શ્વાસ થી માણસ બદલાઈ છે,
એ નો એ છે પરંતુ એ જ લાગતો નથી.
સમુદ્ર માં એ જ પાણી છે,
લહેર સાથે નવું શા માટે લાગે છે!
રોજ ઉગતા દિવસ સાથે, બધું એ ને એ જ લાગે છે.
કશું તો બદલાઈ છે, માટે તો નવો દિવસ કેહવાઈ છે.

પરિવર્તન જ સંસાર નો નિયમ છે,
તો શા માટે બધું જ સ્થિર જોવા ની મનોકામના
માણસ ને સહજતા થી થાય છે!

ફાલ્ગુની સાંગાણી ઓડેદરા
પોરબંદર, ગુજરાત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG S No:226**
વિષય:-સર્જકની મનગમતી
સ્વરચીત રચના
શીર્ષક:-?પ્રમીઓ વસાદમાં
રચના:- પદ્ય શબ્દો :-૬૮

જુઓ ધણા અત્તરો તણા ભાવો ગગડી ગયા.
ઝરમર વરસાદના છાંટા ધરા પર પડી ગયા.

સોડમ અનેરી અવનિએ ફોરમતા થઈ ગયા.
ધરતી પૂત્રની આશાઓને અમર કરતા ગયા.

ઉમંગ, આનંદ, ઉલ્લાસનો ઉદય કરતા ગયા.
યુવાન હૈયાની ધડકનોને વધારો કરતા ગયા.

એમને સમાધી માંથી અચાનક જગાડી ગયા.
પ્રણય તણી વસંતને આમંત્રણ એ દેતા ગયા.

ધોધમાર વરસાદને પ્રેમી મોજ માણતા ગયા.
નવી અવુભૂતિ દિલમાં સર્વે ઉજવતા જ ગયા.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ' (અમેરિકા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNO:153** વિષય:"સર્જક ની મનગમતી સ્વરચિત રચના" શીર્ષક :"જિંદગી જીવવી કાંઈ ખાંડાનાં ખેલ નથી:. પ્રકાર: પદ્ય,,શબ્દો:૧૪૦ એક ને સાંધો તો તેર તૂટે છે,અને તેર ને સાંધો તો બીજાં તેવીસ તૂટે છે,
પહેલાંને વખાણો તો બીજો રુઠે છે,અને બીજા ને વખાણો તો પહેલો તૂટે છે.
એક ને ખોળા માં બેસાડો'તો બીજો માથું કૂટે છે,
એક જીભ પર મધ ની મહેંદી મૂકી મન ને ડોલાવે છે ને કામ પતી ગયાં પછી તે તમારાં હ્રુદય ને હચમચાવે છે, સાચા ને સાચવો તો જૂઠો બગડે છે,અને જુઠાં ને છાવરો તો સાચો મુંઝાય છે, ખબર નથી પડતી હવે શું કરવું?
એક ની ફેવર કરો તો બીજો વિરોધી બને છે,અને બીજાં ની ફેવર કરો તો પહેલો સામે પડે છે.
જિંદગી જીવવી કાંઈ ખાંડા નાં ખેલ નથી, એક ટોચ પર બેસાડે છે તો બીજો ખાડા માં નાંખે છે.
જીતેન્દ્ર શાહ"સુકાન્ત" (અમદાવાદ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO.:0101★**
★વિષય: તમને મનગમતી સ્વરચિત રચના★
★શીર્ષક:-★જય ભારતની જય જય★
★પ્રકાર:-★ગીત★ ★શબ્દો:૧૦૧★

સમર્પણ, ત્યાગ, બલિદાન, શૌર્યની કથા,
જન જનના મુખે છે વીર સપૂતોની ગાથા,
મળી સ્વતંત્રતા ગૌરવથી નથી કોઈ વ્યથા,
જય હિન્દ જય ભારત જય બોલો શાનથી.

વતન પ્રેમની આગની છે જલન દિલમાં,
વીરોના બલિદાનની પડઘાય છે ગૂંજ એમાં,
શૌર્યના શોણિત વહે છે ભારતની ધરામાં,
જય હિન્દ જય ભારત જય બોલો શાનથી.

સમર્પણની સુગંધ ફેલાઈ છે ભારતની માટીમાં,
આઝાદીની ધૂન ફૂંકાઈ છે ત્યાગ વીરત્વના સૂરમાં,
બુલંદ ગર્વ સાથે લહેરાઈ છે તિરંગો આકાશમાં,
જય હિન્દ જય ભારત જય બોલો શાનથી.

દેશનું સન્માન, ગૌરવ છે આદર્શ અમારો,
દુશ્મનોનું વીરતાથી હનન છે ઉદ્દેશ અમારો,
દેશભક્તિના અભિમાનનો છે સંદેશ અમારો,
જય હિન્દ જય ભારત જય બોલો શાનથી.
★ભરત સાંગાણી★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**★NOG SS NO: 364***
★વિષય:- સર્જકની મનગમતી સ્વરચિત રચના★
★શીર્ષક:- "માતા - પિતા"★
★પ્રકાર:- પદ્ય શબ્દો:- ૯૮★

સંતાનોની સિદ્ધિઓ માટે લે છે ઓવારણાં,
માતાની આંખોમાંથી સતત વહે છે અમીઝરણાં.

માતાની મમતા સદા મહામૂલી છે અને અમૂલ્ય,
તો પિતાનો પ્રેમ પણ છે હરદમ સ્વર્ગતુલ્ય,
પ્રેમાળ સંતાનો, માતાપિતા કાજે બની રહેજોને તરનાં.

જીવનઘડતર કાજે જનનીએ આપ્યા સંસ્કાર,
શિક્ષણભણતર માટે જનકે સુખો ત્યજ્યાં છે અપાર,
એવું કદી ના કરશો કે તેમને કરવાં પડે ધરણાં.

આજીવન તેમનાં ઋણી રહેવામાં જ છે મહાનતા,
કૃતઘ્ની બનીને ક્યારેય ના કરશો જરાયે અજ્ઞાનતા,
ચરણામૃત ગ્રહણ કરજો ધોઈને તેમનાં ચરણાં.

પરિવાર કાજે તેઓ બંને હરદમ રહેલાં ઝઝૂમ્યાં,
છોરું કછોરું થાયે માવતર કદી કમાવતર ના બન્યાં,
★"પંકજ"★- ★"પરિવાર - દિનનાં તો રોજે રોજ હોય ઉજવણી.
મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO : 161**
વિષય : સર્જકની મનગમતી સ્વરચિત રચના
શિર્ષક : પ્રેમપ્રપાત
પ્રકાર : લઘુ વાર્તા શબ્દો : ૩૩૭

આજે આભમાંથી જળ બિંદુઓનો પ્રપાત થતો હતો. સઘળે જળબંબાકાર થવા લાગ્યો અને સાથે સાથે ધારાની ધડકનોમાં પણ જાણે કે જળબંબાકાર થયો. ધારાની ધીરજ હવે ખૂટી ગઈ હતી. આ વરસાદી સાંજે ધારાની આંખો પણ જળ બિંદુઓથી છલોછલ હતી. વેદના રુપે અશ્રુઓ રોકાતા ન હતાં. ધારાનું હૈયું બહારના વાતાવરણ જેવું જ વલોપાત કરતું હતું.

અજયને તે ક્યારની ફોન પર ફોન કરતી હતી, પરંતુ ફોન લાગતો જ ન હતો. અજય આજે ગુસ્સામાં હતો. ઓફિસમાં કામનું ભારણ? વધતુ જતું હતું. ઘરે આવ્યા પછી ધારાની ઉઘરાણી. "આજે પણ? પગાર નથી મળ્યો? શું કરીશું આપણે આ મહિનાનાં ખર્ચા...બિલો... બધું કેવી રીતે સંભાળીશું?" સાંભળતા જ અજય ઘરનું બારણું પછાડીને બહાર નીકળી ગયો હતો અને થોડાં જ સમયમાં આવો વરસાદ! ધારાના પસ્તાવાનો પાર ના રહ્યો. જાત ઉપર જ ચીડાઈ ગઈ એ તો. અરીસામાં
આભાર - નિહારીકા રવિયા જોઈને બોલવા લાગી, " છેવટે તું ચૂપ ના રહી શકી ને? ભોગવ હવે તું! બિચારો આખ્ખો દિવસ કામ કરીને થાક્યો પાક્યો ઘેર આવે તો કોઈ પાણી પીવડાવે કે પછી આમ પગારની ઉઘરાણી કરે? કોણ જાણે કેમ? વરસાદ પણ બંધ થવાનું નામ નથી લેતો. આ તે કંઈ વરસાદની રુતુ થોડી છે ? એને પણ મારી જેમ કમોસમી વરસી પડવાની આદત જ પડી ગઈ લાગે છે! હે ઈશ્વર, મારા અજયનુ રક્ષણ કરજો અને આ વરસાદ હવે બંધ કરો જેથી અજય હેમખેમ? ઘરે આવી જાય. આજથી હું કદી એની સાથે લડાઈ નહીં કરું."

"ફરીથી બોલ ને જરા ! ઈશ્વરે સાંભળ્યું નહીં." ત્વરાથી ધારાએ અવાજ તરફ મુખ ફેરવ્યું. અજય બંને હાથ ફેલાવીને હસતો હસતો ઊભો હતો. ધારા ક્ષણનો પણ વિલંબ કર્યા વગર અજયની ભુજાઓમાં સમાવા દોડી ગઈ." મને માફ કરી દે અજય, હવે હું તારા પર કદી ગુસ્સે નહીં થાઉં, પણ અજય, તું પણ તો ગુસ્સે હતો ને મારા પર?" અરે મારી વ્હાલી, જેવો હું બહાર નીકળ્યો કે આ જલબિંદુઓએ મારા મનમસ્તિષ્કને ઠંડોગાર બનાવી દીધો. મારી ધારાની આંખો તો હંમેશા હસતી જ સારી લાગે સમજી? ધારાને અજયની ભુજાઓએ જકડી લીધી. વાહ, આવા જલબિંદુઓનો પ્રપાત હંમેશા અમારા પર વરસાવતો રહેજે મારાં પ્રભુ!! એમ વિચારીને બંનેએ એકબીજાના ગાલ પર તોફાની ટપલી મારી દીધી. અજયના આવા પ્રેમપ્રપાતને લીધે ધારાએ સઘળી ફરિયાદોને જળ બિંદુઓમા વહાવી દીધી..
◦◦◦ગ્રીષ્મા પંડ્યા ◦◦

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.167***
★વિષય:-"સર્જકની મનગમતી સ્વરચિત રચના"★
★શિર્ષક;- "આજે સમજાયું"★
★પ્રકાર:- પદ્ય - શબ્દ:-૮૭★

આજે સમજાયું, શ્વાસ અને વિશ્વાસ,એ,
અર્ધાંગિની, શ્રીમતી કે પત્ની જ હોય છે.

આજે સમજાયું, માથે હાથ મૂકી કહે, તું,
ચિંતા છોડી દે, હું બેઠી છું મા જ હોય છે.

આજે સમજાયું, પોતા માટે કરકસર કરે,
મારું ખિસ્સું ભર્યું રહે, પિતા જ હોય છે.

આજે સમજાયું, પાદરથી વાતો કરતી,ને,
બાંધવને આશિષ દેતી, બહેન જ હોય છે.

આજે સમજાયું, કે મીઠો ઝગડો કરી,વળી,
કોઈ મુશ્કેલીમાં હાથ પકડે,ભાઈ જ હોય છે.

★નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)★

# ગુજરાતના ૧૯ એરપોર્ટ પરથી વર્ષ ૨૦૨૪માં અંદાજે ૧.૪૩ લાખ જેટલા વિમાનોની આવન-જાવન : કુલ ૧.૭૦ કરોડથી વધુ યાત્રીઓએ લીધો લાભ



રાજ્યમાં સૌપ્રથમ વર્ષ ૧૯૭૩થી શેરડી, કપાસ જેવા વિવિધ પાક પર હેલિકોપ્ટર-ફિક્સ્ડ વિંગ એરક્રાફ્ટ દ્વારા હવાઈ છંટકાવની સાથે વિમાન દ્વારા ક્લાઉડ સીડિંગ કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જે આજે 'નાગરિક ઉડ્ડયન' વિભાગ તરીકે કાર્યરત છે. આ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪માં આંતરરાષ્ટ્રીય અને આંતરિક હવાઈ મથકોથી અંદાજે ૧.૪૩ લાખ જેટલા વિમાનોએ આવન-જાવન કરી છે. આ સેવાઓ દ્વારા રાજ્યમાં ડિસેમ્બર–૨૦૨૪ સુધીમાં કુલ ૧.૭૦ કરોડ કરતાં વધુ યાત્રિકોએ સફળ હવાઈ મુસાફરી કરી છે. આ ઉપરાંત અંદાજે ૧૦૯.૯ હજાર ટન માલસામાનની પણ હવાઈ માર્ગે હેરફેર કરવામાં આવી હતી.

રાજ્યના નાગરિકોને આપાતકાલિન પરિસ્થિતિમાં ખૂબ ઝડપી તબીબી સેવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ લાયકાત ધરાવતા ડૉક્ટર અને આઈ.સી.યુ. સુવિધાઓ સાથે એર-એમ્બ્યુલન્સ સેવાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવે છે. ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં કુલ ૫૮ એર-એમ્બ્યુલન્સ ફ્લાઈટ કરવામાં આવી હતી, જેમાં ૨૯ ઓર્ગન તથા ૨૯ મેડિકલ ફ્લાઈટ ઓપરેટ કરવાનો સમાવેશ થાય છે.

હાલમાં ગુજરાતમાં ૦૪ આંતરરાષ્ટ્રીય અને ૧૫ ડોમેસ્ટિક એરપોર્ટ મળી કુલ ૧૯ એરપોર્ટ સેવારત છે. જેમાં

રૂ. ૩,૪૦૦ કરોડના ખર્ચે સુરત ખાતે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તેમજ રૂ. ૩૯૪ કરોડના ખર્ચે ડિસામાં એરફોર્સ સ્ટેશનના રન-વેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રૂ. ૧,૪૦૫ કરોડના ખર્ચે રાજકોટમાં હિરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં દેશના મોટાભાગના રાજ્યોની તુલનામાં ગુજરાતમાં નાગરિક ઉડ્ડયનનું માળખું ખૂબ મજબૂત છે. રાજ્યમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ૦૯ એરપોર્ટ, ઈન્ડિયન એરફોર્સના ૦૩, રાજ્ય સરકાર હસ્તક ૦૪ તથા ૦૩ ખાનગી એરપોર્ટ મળી ૦૪ આંતરરાષ્ટ્રીય અને ૧૫ ડોમેસ્ટિક એરપોર્ટ એમ કુલ ૧૯ એરપોર્ટ કાર્યરત છે. આ ઉપરાંત રાજ્ય સરકારના અધિકારક્ષેત્ર હેઠળ મહેસાણા, અમરેલી, અંકલેશ્વર અને માંડવી ખાતે કુલ ૦૪ એરસ્ટ્રીપ પણ ઉપલબ્ધ છે.

નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતના નેતૃત્વમાં આગામી સમયમાં રાજ્યમાં અંબાજી, દ્વારકા, સાપુતારા, સાસણ-ગીર, હાંસોલ અને સોમનાથ ખાતે હેલિપોર્ટ તેમજ કેવડિયા, દ્વારકા, ધોરડો, ધોળાવીરા, દાહોદ અને વડનગર ખાતે નવીન એરસ્ટ્રીપ વિકસાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં એવિએશન સેક્ટરનો વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રકચરમાં વધારો કરવા માટે ગુજરાત સરકાર અને એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા વચ્ચે રેં પણ કરવામાં આવ્યા છે.

યુવાઓને પાયલોટ બનવા માટે તાલીમ પુરી પાડી ઉડ્ડયન ક્ષેત્રે ગુજરાતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ કુશળ માનવ સંશાધન તૈયાર કરવાના હેતુસર રાજ્ય સરકાર હસ્તક આવેલા મહેસાણા એરસ્ટ્રીપ ખાતે ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન શરૂ કરવામાં આવી છે. જેમાં અત્યાર સુધીમાં કુલ ૨૫૦થી વધારે યુવક-યુવતીઓએ તાલીમ મેળવી છે, જેમાંથી ૧૫૫ યુવાનોએ કોમર્શિયલ પાયલટનું લાયસન્સ પણ મેળવ્યું છે. આ સિવાય અમરેલી ખાતે પણ ઉડ્ડયન ક્ષેત્રે તાલીમ આપતી બે સંસ્થા ગુજરાત ફલાઈંગ કલબ અને વિઝન ફ્લાઈંગ ઈન્સ્ટીટયુટ કાર્યરત છે.

ગુજરાતનાં તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં ઉડ્ડયન ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે, રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૨માં નાગરિક ઉડ્ડયન વિભાગની સ્થાપના કરી હતી. આ વિભાગ દ્વારા ઉડ્ડયન પાર્ક, નવી હવાઈ પટ્ટીઓનો વિકાસ, પ્રાદેશિક એરલાઇન, એરબોર્ન કાયદા અમલીકરણ કાર્યક્રમ, એર એમ્બ્યુલન્સ સેવા તથા નવા જેટ વિમાનની ખરીદી જેવા વિવિધ કાર્યો કરવામાં આવે છે.

ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ'-ૅત્નજીછૈૈ-

નાગરિક ઉડ્ડયન વિભાગ દ્વારા નવી સુવિધાઓ અને સેવાઓમાં રોકાણને સરળ બનાવવા માટે વર્ષ ૨૦૧૦માં 'ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ'-ૅત્નજીછૈૈ-ની રચના કરવામાં આવી હતી. જે ગુજરાતમાં ઉડ્ડયન અને સંબંધિત માળખાગત સુવિધાઓના વિકાસ માટે રાજ્ય સરકારની નોડલ એજન્સી છે. ગુજસેઈલ ગુજરાતમાં ઉડ્ડયન સંબંધિત પ્રવૃત્તિઓ માટે રાજ્ય સરકારના કાર્યક્ષેત્ર હેઠળ પરવાનગીઓ અને મંજૂરીઓ માટે સિંગલ વિન્ડો ક્લિયરન્સ પૂરું પાડે છે. દેશનો સામાન્ય નાગરિક કે જે 'હવાઈ ચપ્પલ' પહેરીને 'હવાઈ જહાજ' પર ઉડાન ભરે તેવા વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરવા કેન્દ્ર સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા 'નેશનલ સિવિલ એવિએશન પોલિસી-૨૦૧૬' અંતર્ગત 'ઉડાન યોજના'-'ઉડે દેશ કા આમ નાગરિક' શરૂ કરવામાં આવી હતી. જે અંતર્ગત ભારતભરમાં 'ઉડાન યોજના' અંતર્ગત વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૫ દરમિયાન ૩ લાખ જેટલી ઉડાન ફ્લાઈટથી અંદાજે ૧.૪૯ કરોડ મુસાફરોએ સસ્તા દરે પ્રાદેશિક હવાઈ મુસાફરી કરી હતી.

ગુજરાતમાં 'ઉડાન' યોજના હેઠળ ભાવનગર-પુણે-ભાવનગર, અમદાવાદ-મુંદ્રા-અમદાવાદ, અમદાવાદ-દીવ-અમદાવાદ, સુરત-દીવ-સુરત, અમદાવાદ-નાંદેડ-અમદાવાદ, અમદાવાદ-કેશોદ-અમદાવાદ અને અમદાવાદ-જલગાંવ-અમદાવાદ એમ ૦૭ ફ્લાઈટ શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત રાજ્ય સરકારની વાયબીલીટી ગેપ ફંડીંગ યોજના-વી.જી.એફ હેઠળ રાજ્યમાં સુરત-અમદાવાદ-સુરત, સુરત-અમરેલી-સુરત, સુરત-રાજકોટ-સુરત, સુરત-ભાવનગર-સુરત તેમજ અમદાવાદ-ભુજ-અમદાવાદ ખાતે આંતરિક હવાઈ સેવાઓ પણ શરૂ કરવામાં આવી છે, જેનો બહોળો લાભ રાજ્યના નાગરિકો લઈ રહ્યા છે.

# કમોસમી વરસાદથી ખેતીને મોટા પ્રમાણમાં નુકસાન- સરકાર તાત્કાલિક સર્વે કરાવે -નુકસાની માટે રાહત પેકેજ જાહેર કરે. : અમિત ચાવડા



વિધાનસભા ખાતે વિપક્ષ નેતાશ્રી અમિતભાઈ ચાવડાએ પ્રેસ-મીડિયાને સંબોધન કરતા જણાવ્યું કે ગુજરાતમાં છેલ્લા બે દિવસથી જે રીતે ભારે પવન ફૂંકાઈ રહ્યો છે, વાવાઝોડું આવી રહ્યું છે. કમોસમી વરસાદ અને કરા પડવાને કારણે મોટા પ્રમાણમાં જાનહાની પણ થઈ છે, માલ મિલકતને નુકસાન પણ થયું છે અને ખેતીમાં વ્યાપક પ્રમાણમાં નુકસાન નોધાયુ છે. ઘણા દિવસોથી આગોતરી આગાહી હતી કે વરસાદ પડશે, પુરજોશથી પવન ફુકાશે, વાવાઝોડું આવશે. સરકારે ખાલી હવામાન વિભાગે કરેલી આગાહી દ્વારા સંતોષ માન્યો પણ જે સરકારી તંત્ર દ્વારા જે આગોતરી તૈયારી થવી જોઈએ, લોકોને સાવચેત કરવા જોઈએ અને પુરતી જાગૃતિ માટેના અને જાનહાની ના થાય એવા પ્રયત્નો કરવા જોઈએ પણ દુઃખ સાથે કહેવું પડે કે સરકારે કોઈ આગોતરી તૈયારીઓ કે લોકોને સાવચેતના કર્યા જેના કારણે આ વાવઝોડા– કમોસમી વરસાદને કારણે ૧૪ જેટલા લોકોના મોત થયા છે. લગભગ ૪ મહિલા અને ૧૦ પુરુષોના આમાં નિર્દોષ રીતે મોત થયા. આખા ગુજરાતમાં જે રીતે ભારે સુસવાટા સાથે પવન ફુકાયો, વાવાઝોડાની સ્થિતિ થઈ અને જે કરા સાથે વરસાદ પડ્યો આ કમોસમી વરસાદને કારણે ખેતીના પાકને ખુબ વ્યાપક નુકસાન થયું છે. જે ઉનાળુ પાક છે બાજરી, જુવાર, મકાઈ, મગ કે અન્ય જે ઉનાળુ પાકો ખેતરમાં તૈયાર હતા એને પણ વ્યાપક નુકસાન થયું છે. અનેક વિસ્તારોમાં એપી.એમ.સીઓમાં જે ખેડૂતો પોતાનો તૈયાર માલ વેચવા માટે આવ્યા અને ત્યાં જે ઢગલા કર્યા હતા ત્યાં પણ વરસાદને કારણે તૈયાર પાક પણ પલળી ગયો અને ખુબ મોટું નુકસાન થયું છે.

ગુજરાતમાં કેરીનું વાવેતર ખુબ મોટા પ્રમાણમાં હોય અને એમાં શરૂઆતના સમયમાં કુદરતી જે વાતાવરણ થયું અને એનો મોર આવવામાં જે નુકસાન થયું ત્યારે પણ ખેડૂતોની રજુઆત હતી કે કેરીમાં ખુબ મોટું નુકસાન થવાનું છે, તો સરકાર અમને સહાય આપે પણ ત્યારે સરકારે કોઈ સહાય ના આપી અને આજે વાવાઝોડું અને કમોસમી વરસાદ આવ્યો એનાથી કેટલાય વિસ્તારમાં જે કેરીઓ તૈયાર હતી તે પણ તૂટી ગઈ અને મોટા પ્રમાણમાં બાગાયતી પાકોને નુકશાન થયું છે. જામફળ અને અન્ય પાકોના પણ જે ફૂલ બેસવાનો સમય હતો એમાં પણ ખેડૂતોને નુકસાન થયું છે.

શ્રી અમિત ચાવડાએ જણાવ્યું કે રાજયના અનેક વિસ્તારોમાં ક્યાંક ઘરો પરથી સોલાર પેનલો તૂટીને પડી, કેટલી જગ્યાએ હોડીગ્સો તૂટીને પડ્યા, કેટલીક જગ્યાએ ઝાડ પડવાને કારણે માલ-મિલકતને પણ મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. ત્યારે સરકાર પાસે અમે માંગણી કરીએ છે કે હજુ પણ આગાહી છે કે આવનારા દિવસોમાં પણ વાવાઝોડું પવન ફુકાશે, કમોસમી વરસાદ પણ થવાની શક્યતાઓ છે. સરકારે વાવાઝોડું આવે, કમોસમી વરસાદ થાય ત્યાર પછી ટોલફ્રી નંબર જાહેર કરે એના બદલે જો આગોતરી તૈયારી કરે હજી પણ તૈયારી કરે તંત્રને સાબદું કરે, તંત્રને તૈયાર કરીને લોકોને જાગૃત કરે તો આવનારા દિવસોમાં પણ જાનહાની ના થાય અને તેની પુરતી તકેદારી સરકાર રાખે તેવી વિનંતી કરીએ છીએ.

વધુમાં શ્રી અમિત ચાવડાએ જણાવ્યું કે રાજ્યમાં ભારે વરસાદને કારણે ૧૪ જેટલા લોકોના મૃત્યુ થયા છે તે ખુબ જ દુઃખદ ઘટના છે તેમના પરિવાર પર ના સહન થઈ શકે તેવી સ્થિતિ છે ત્યારે સરકાર તાત્કાલિક આ મૃતકોના પરિવારોને ૧૦ લાખ રૂપિયાની સહાય જાહેર કરે. જે પણ ઘાયલ લોકો છે એને પણ સરકારી ખર્ચે સારવાર મળવી જોઈએ, ખેતીમાં વ્યાપક નુકસાન થયું છે ખેડૂતો પાયમાલ થયા છે એવા તમામ વિસ્તારોમાં ખેતીના નુકસાનીનો સર્વે કરાવી અને એના માટે સ્પેશિયલ પેકેજ જાહેર કરવામાં આવે તેવી માંગણી કરીએ છીએ. અનેક જગ્યાએ માલ મિલકતોને પણ નુકસાન થયું છે તો એનો પણ સર્વે કરી જે લોકોને માલ મિલકતનું નુકસાન થયું છે એને પણ સહાય માટેની વ્યવસ્થા સરકાર કરે તેવી માંગણી કરીએ છીએ.

શ્રી અમિત ચાવડા દ્વારા માન. મુખ્યમંત્રીશ્રીને પત્ર દ્વારા રજૂઆત કરવામાં આવી છે, અને આ સહાય તાત્કાલિક મળે તેવી વિનંતી સાથે માંગણી પણ કરી છે. પણ ગુજરાતમાં ૨૦૨૦થી પાક વીમા યોજના બંધ કરવામાં આવી છે. એક સમય એવો હતો કે પાક વીમા યોજનામાં જે પણ પ્રીમીયમ ભરવાનું થાય તો કેન્દ્ર સરકાર ૫૦ ટકા રકમ ભરે અને ૫૦ ટકા રકમ રાજય સરકાર ભરે. ૨૦૨૦ પહેલા જોઈએ તો દર વર્ષે ૨૦૦૦ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર પ્રીમીયમ પેટે આપતી, ૨૦૦૦ કરોડ રૂપિયા રાજય સરકાર પ્રીમીયમ પેટે આપતી પણ ૨૦૨૦થી જ્યારથી આ પાક વીમા યોજના બંધ કરવામાં આવી છે અને બીજી બાજુ સતત કમોસમી વરસાદ હોય, વાવાઝોડું, અતિવૃષ્ટિ, કુદરતી આફતો દર વર્ષે આવવાની શરૂઆત થઈ અને ખેડૂતોને દર વર્ષે મોટું નુકસાન થાય ત્યારે ખેડૂતો ભગવાન ભરોસે આજે ગુજરાતમાં છે.દર વર્ષે સરકાર નજીવું પેકેજ જાહેર કરી સહાય આપીને વાહવાહી કરે પણ ખેડૂતોને સાચા અર્થમાં ખેડૂતોને જે પાક વિમાનો લાભ મળવો જોઈએ

# કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા યુવાનો માટે શ્રીમદ્ ભગવદ્ ગીતા આધારિત ત્રિદિવસીય "યુવાગીતા" કાર્યશાળાનો શુભારંભ કરાયો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા કોલેજના યુવાનો માટે શ્રીમદ્ ભગવદ્ ગીતા આધારિત ત્રિદિવસીય ×યુવાગીતા× કાર્યશાળાનો શુભારંભ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના, ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના, પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ સાહેબના વરદ હસ્તે કરાયો; જેમાં રજાના માહોલ વચ્ચે પણ કડી સર્વ વિશ્વવિદ્યાલયની વિવિધ ૧૭ કોલેજના ૭૫ વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ રસપૂર્વક જોડાયા છે જેમનું કંકુ તિલક, ખેસ, મોરપીછ અને યુવાગીતા માટે તૈયાર કરેલ ખાસ કીટ આપી સ્વાગત કરાયું હતું. સમગ્ર શિબિરમાં ભગવદ્ ગીતાના ૧૮ અધ્યાયના તત્ત્વજ્ઞાન અને સમજણના આધારે આજના યુવાનોને જીવન જીવવાની યોગ્ય દિશા મળે, સંઘર્ષપૂર્ણ જીવન હસતાં ખીલતાં પસાર કરવાની ખુમારી ઊભી થાય, કુટુંબ પરિવાર સાથે આત્મીયતા બંધાય, સમાજ પ્રત્યે, દેશ પ્રત્યે સાચી નિષ્ઠા ઊભી થાય, વૈદિક પરંપરા તેમજ ધર્મ સાથે લાગણીઓનો સંબંધ બંધાય, સર્વધર્મ સમભાવ તેમજ જીવમાત્ર ભગવાનનું સર્જન છે તેવી દૃષ્ટિ આજના યુવાનોમાં કેળવાય, જાતિવાદ, ક્ષેત્રવાદ અને સમ્પ્રદાયવાદથી આગળ વધીને ની ભાવના યુવાનોમાં ખીલે એ ઉદ્દેશથી સર્વ વિશ્વવિદ્યાલયના આંગણે ત્રણ દિવસની કાર્યશાળાનું આયોજન કરાયું છે. કાર્યશાળાની શરૂઆત દીપ પ્રાગટ્ય, ગીતાજીના પૂજન અને શંખનાદના સકારાત્મમક ઊર્જાના સંચાર સાથે કરાયો હતો.યુવાગીતાના ઉદ્ઘાટન સત્રમાં વધુ વાત કરતા શ્રી વલ્લભભાઈ પટેલ સાહેબે જણાવ્યું હતું કે જીવનના દરેક પ્રશ્નનો ઉકેલ ગીતાજીમાં છે. ગીતાજી કોઈ એક ધર્મ માટે જ નથી પરંતુ સમગ્ર માનવજાતના કલ્યાણની વાત કરે છે. વિશ્વના સર્વ ધર્મોનો સાર શ્રીમદ્ ભગવદ્ ગીતામાં છે. ધર્મ જોડવાનું કાર્ય કરે છે, પ્રેમથી બાંધવાનું કાર્ય કરે છે. મારા પિતાજી પૂ. માણેકલાલ સાહેબ કહેતાં કે મંદિર કદાચ નહિ જવાય તો ચાલશે, પણ તમારું કર્મ પ્રામાણિકતા અને નિઃસ્વાર્થ ભાવથી કરો. ગીતાજીનો પણ આ જ સંદેશ છે. આમ ઘડપણમાં નહીં પરંતુ યુવાનીમાં જ ગીતાજીના શરણે જવાની જરૂર છે. આ પ્રકારે મા. વલ્લભભાઈ પટેલ સાહેબે યુવાનોને આહ્વાન કર્યું હતું.યુવાગીતા કાર્યશાળાના ઉદ્ઘાટન સત્રમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ઇન્ચાર્જ ડાયરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા, કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. કેયુર શાહ, ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટરનેશનલ રિલેશનના ડાયરેક્ટર ડૉ. જીનલ જોશી, ગિરીશભાઈ શર્મા, કાર્યશાળાના પ્રબોધક ઉર્વીશભાઈ પટેલ, હૉસ્ટેલ કો-ઑર્ડીનેટર કુમાર પંડ્યા અને કાર્યક્રમના સંયોજક ડૉ. ધર્મેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

# નવી દિલ્હી ખાતે સહકારી આર્થિક માળખા પર ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય રાઉન્ડ ટેબલ બેઠકનું આયોજન





રાષ્ટ્રીય કૃષિ અર્થશાસ્ત્ર અને નીતિ સંશોધન સંસ્થાન, નવી દિલ્હી ખાતે "સહકારી વસ્તુ અને આર્થિક ક્ષેત્રો દ્વારા સહકારી આર્થિક માળખું" વિષયક એક ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય રાઉન્ડ ટેબલ બેઠક યોજવામાં આવી. બેઠકની શરૂઆત પેહલગામમાં તાજેતરમાં થયેલા આતંકી હુમલામાં મોતને ભેટેલા નાગરિકોને શ્રદ્ધાંજલિ અને આત્માને શાંતિ મળે તે માટેની પ્રાર્થના સાથે કરવામાં આવી.દિલીપ સંઘાણીએ આ વાત પર ભાર મૂક્યો કે કોઈપણ ક્ષેત્રની સફળતા અને સમૃદ્ધિ માટે સુશ્રી કામના ઝાને ×લક્ષ્મી સહગલ ગ્લોબલ એવોર્ડ ૨૦૨૫થી સન્માનિત કરવામાં આવ્યા. તેમણે નવીન અને સમાવિષ્ટી નીતિઓ દ્વારા ગ્રામ્ય વિકાસને નવું સ્વરૂપ આપ્યું છે. તેમના નેતૃત્વ હેઠળ "રિવર્સ માઈગ્રેશન" પહેલે ગ્રામ્ય જીવનને પુનર્જીવિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

# દહેગામ શહેર સહિત આસપાસના પંથકમાં ભારે વાવાઝોડું ફૂંકાયું



ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરમાં કાળઝાળ ગરમી વચ્ચે દિવસ ભરના અસહ્ય ઉકળાટ બાદ સાંજના સમયે વાતાવ રણમાં એકાએક પલટો આવ્યો હતો અને અચાનક વાવાઝોડું ફૂંકા વવાની શરૂઆત થઈ હતી વાવાઝ ોડાની તીવ્રતા એટલી હતી કે રસ્તા વચ્ચે પાર્કિંગ કરેલા અસંખ્ય દ્વિચક્રીય વાહનો પણ પડી ગયા હતા અચાનક વાદળો પણ થવાતા અંધારપટ જેવું વાત વરણ સર્જાયું હતું. દહેગ મમાં વાવાઝોડાને પગલે શહેરના અમદ વાદ રોડ પર શ્રીનાથ બંગલોઝ આગળ એક વૃક્ષ ધરાશાયી થઈ થઈ તે માર્ગ પરથી પસાર થતી વેગનઆર કાર પર તૂટી પડ્યું હતું જોકે સદનસીબે કારમાં સવાર દંપતિનો આબાદ બચાવ થયો હતો.

બીજી તરફ દહેગામ શહેરમાં ઔડા ગાર્ડન પાસે થોડાક જ દિવસ પહેલા નગરપ લિકા દ્વારા કાયમી ઉભા કરાયેલો ૧૦૦ ફૂટ ઊંચો રાષ્ટ્રધ્વજ પણ વાવાઝ ોડાના કારણે અડધી કાઠી સુધી પહોંચી ગયો હતો જેની જાણ દહેગામ નગરપા કિના પ્રમુખ વૈશા ીબેન સોલંકી તેમજ ચીફ ઓફિસર ઉમાબેન રામીણાને થતા રાષ્ટ્ર ધ્વજનું સન્માન જળવાઈ રહે તે માટે તેઓ તાત્કાલિક અસરથી સ્ટાફ સાથે ઔડા ગાર્ડન ખાતે પહોંચ્યા હતા અને વીજ પુરવઠો નહી હોવાના કારણે રિમોટ કંટ્રોલ બંધ હોવાથી તેઓએ જાતે હેન્ડલ વડે સન્માન પૂર્વક તિરંગા ઝંડા ને નીચે ઉતાર્યો હતો. અમદ વાદ રોડ પર ઝાડ પડવાને કારણે ટ્રાફિકજામ થતાં ઝાડ અને હટાવવા માટે દહેગામ નગરપા કિના ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી રસ્તા વચ્ચે પડેલા ઝાડને તાત્કાલિક અસરથી હટાવી લઈ દહેગામ અમદ વાદ હાઈવેના ટ્રાફિકને પૂર્વવત કરાવ્યો હતો. દહેગામ એકાએક ફૂંકાયેલા વાવાઝ ોડાને પગલે વીજળીના કડાકા અને ભડાકા સાથે વરસાદી માહોલ સર્જાતા વરસાદી છાંટા પણ પડ્યા હતા વાવાઝ ોડાને કારણે આસપ સના વિસ્તારમાં કેટલું નુકસાન પહોંચ્યું છે તે આ લખાય છે ત્યાં સુધી જાણી શકાયું નથી.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા આયોજિત ૨૧માં સમૂહ લગ્નોત્સવમાં ઉપસ્થિત રહી નવદંપતિઓને સુખમય જીવનની શુભકામનાઓ પાઠવી હતી.




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.